# કલ્ચરલ ફોરમમાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીએ માતાજીની આરતી ઉતારી

**ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં ગરબે રમતાં જનરેશન્સ બદલાઈ : વર્ષો પહેલાં કીડ અને ચાઈલ્ડ કેટેગરીમાં વિનર થયેલી સુહાની અને સલોની દોશીએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી**


















ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ચોથા નોરતે ધર્મપત્ની શ્રીમતી અંજલીબેન રૂપાણી સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં મા જગદંબાની આરતી ઉતારી હતી. ચોથા નોરતે ખેલૈયાઓની ભીડથી કલ્ચરલ ફોરમનું આંગણું ખીચોખીચ ભરાઈ ગયું હતું. એકએકથી ચઢિયાતા વસ્ત્રોમાં ગરબે ઘૂમતા ખેલૈયાઓએ નયનરમ્ય ગરબા કરીને સમગ્ર વાતાવરણને હર્ષોલ્લાસથી ભરી દીધું હતું.

તો સામે ગુજરાતની મોસ્ટ વર્સેટાઈલ ગાયિકા હિમાલી વ્યાસ નાઈકે સુરીલા ગરબાની રજૂઆતથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. હિમાલી વ્યાસ નાઈક ફોકથી લઈને ફ્યુઝન સુધી, સુગમથી લઈને અર્બન સુધી અને ઈન્ડિયન કલાસિકલથી લઈને વેસ્ટર્ન કલાસિકલ સુધીના ગીતોની પ્રસ્તુતિમાં માહેર છે. હિમાલી વ્યાસ નાઈક સાથે જેસલ શ્રીમાળી અને કોરસમાં ચેતના દાણી, શૈશવી રાવલ, ભૂમિ શ્રીમાળી, વૈશાલી કાનાબાર અને પૂર્વી કંસારાએ એકએકથી ચડિયાતા ગરબાની ધૂમ મચાવી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં પાંચમા નોરતે બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે ભૂમા દવે વિજયી થયા હતા અને પ્રિન્સ તરીકે ધીરજ પરમાર વિજેતા થયા હતા. જ્યારે નીપા પટેલ અને વિવેક સોલંકી રનર્સ અપ રહ્યા હતા. કિંજલ મહેરા અને દેવાંગી મહેતાની જોડી બેસ્ટ પેરનું ઈનામ લઈ ગઈ હતી, જ્યારે યોગેશ ગાંગડીયા અને પર્લ ઠક્કરની જોડી રનર્સ અપ રહી હતી. ૩૫ વર્ષથી વધુ વય જૂથના ખેલૈયાઓની કેટેગરીમાં બેસ્ટ કિંગ તરીકે અંકિત ત્રિવેદી વિજયી થયા હતા અને ક્વીન તરીકે હેતલ વોરા વિજેતા થયા હતા. ભાવેશ એરડા અને મેઘા ભટ્ટ આ કેટેગરીમાં રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ડ્રેસ કેટેગરીમાં પ્રિન્સેસ તરીકે હલ્દી પાર્કર અને પ્રિન્સ તરીકે દિપક પારકર વિજેતા થયા હતા. આ કેટેગરીમાં હેત્વી ત્રિવેદી અને કેતન શાહ રનર્સ અપ રહ્યા હતા.

બેસ્ટ ટીનેજર બોય તરીકે મીત નાગર અને ગર્લ કેટેગરીમાં પ્રિયલ ગોર વિજેતા થયા હતા. જ્યારે હાર્દિક સોલંકી અને પર્લ દઢાણીયા રનર્સ અપ રહ્યા હતા. સાત થી બાર વર્ષની કીડ કેટેગરીમાં નમઃ પારકર બેસ્ટ કીડ બોય તરીકે વિજેતા થયા હતા અને તરાના વર્મા બેસ્ટ કીડ ગર્લ તરીકે વિજેતા થયા હતા. આ કેટેગરીમાં ક્રિષિવ પરમાર અને ખનક બારોટ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીમાં હાર્દ સાવલિયા અને આરના હાથી વિજેતા થયા હતા. જ્યારે પ્રવેગ કોષ્ટી અને આરાધ્યા વાઘેલા રનર્સ અપ રહ્યા હતા.

નિર્ણાયકો તરીકે શ્રી મકરંદ શુક્લ, શ્રીમતી જીગીશા મનન ત્રિવેદી, શ્રીમતી રક્ષિતાબેન વિજય ઉપાધ્યાય, સુહાની દોશી અને સલોની દોશીએ સેવાઓ આપી હતી. છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગરમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરે છે. ચોથા નોરતે જેમણે નિર્ણાયક તરીકે સેવાઓ આપી એ સુહાની દોશી અને સલોની દોશી ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં વર્ષો પહેલાં બેસ્ટ કીડ અને ચાઈલ્ડ કેટેગરીમાં વિજેતા રહી ચૂક્યા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં જનરેશન્સથી નયનરમ્ય ગરબા ગવાઈ રહ્યા છે જેનું ગાંધીનગર કલ્ચરલ ફોરમને ગૌરવ છે.

ડબલ એન્જિનની સરકાર વિકાસકાર્યો પહોંચાડ્યા પ્રજાને દ્વાર

सत्यमेव जयते
ગુજરાત સરકાર


અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો ઉદ્ઘાટન સમારોહ


પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે
₹૬૯૦૯ કરોડના વિકાસકાર્યોની ભેટ



વંદે ભારત એક્સપ્રેસથી રેલ કનેક્ટિવિટીના
નવા યુગનો પ્રારંભ કરશે


નવરાત્રીના પાવનપર્વે આદ્યશક્તિ માં અંબાજીના
સાનિધ્યમાં યોજાયું વિકાસનું મહાપર્વ


વડાપ્રધાનશ્રીને આવકારવા ઉમટ્યું
માનવ મહેરામણ : અદમ્ય ઉત્સાહનો માહોલ

વડાપ્રધાનશ્રીની બે દિવસની મુલાકાત દરમિયાન ગુજરાતને મળી અઢળક વિકાસકાર્યોની ભેટ